સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

**WEEK 22** (29/05/22 to 04/06/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


# સામાજિક વિજ્ઞાન

PSI-ASI, કોન્સ્ટેબલ, બિન સચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC, UPSC, SSC, BANK તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.

ધોરણ ૬ થી ૧૦ (GCERT)ના નવા પાઠ્યપુસ્તક આધારિત

- ભારતનો ઈતિહાસ
- બંધારણ
- ભારતની ભૂગોળ
- કલા સંસ્કૃતિ
- વિશ્વનો ઈતિહાસ
- પર્યાવરણ
- વિશ્વની ભૂગોળ
- અર્થશાસ્ત્ર

6000+ વન લાઈનર પ્રશ્નો
600+ હેતુલક્ષી પ્રશ્નો




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**29 MAY-2022**

- દિવસ મહિમા : 29 મે, આંતરરાષ્ટ્રીય સંયુક્ત શાંતિરક્ષક દિવસ, વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ, આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ ........ 02
- શ્રી ટેડરોસ અધનમ WHOના ડિરેક્ટર જનરલ તરીકે ફરીથી ચૂંટાયા ........ 03
- વર્લ્ડ ઓફ વર્ક રિપોર્ટ : ILO ........ 04
- QUESTION ANSWERS ........ 07

**30 MAY-2022**

- INS ગોમતી 34 વર્ષ બાદ નિવૃત્ત ........ 08
- પેંગોંગ ત્સો ઉપર ચીનનો પુલ ........ 09
- ભારતનું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ........ 10
- IPL-2022માં ગુજરાત ટાઈટન્સ ચેમ્પિયન ........ 10
- QUESTION ANSWERS ........ 15

**31 MAY-2022**

- દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day) ........ 17
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરના કલોલના નેનો લિક્વિડ યુરિયા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું ........ 17
- ક્લાયમેટ એક્શન અને જમીન સંરક્ષણ અંતર્ગત ‘માટી બચાવો’ (Save Soil) MoU કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું ........ 19
- QUESTION ANSWERS ........ 20

**01 JUNE-2022**

- દિવસ મહિમા : 01 જૂન, વૈશ્વિક માતા-પિતા દિવસ, વિશ્વ દૂધ દિવસ (World Milk Day) ........ 21
- અસ્ત્ર માર્ક- 1 મિસાઈલ (Astra MK-1 Missile) ........ 21
- પ્રસિદ્ધ ગાયક શ્રી કે.કે નું 53 વર્ષની વયે નિધન ........ 22
- QUESTION ANSWERS ........ 24

**02 JUNE-2022**

- ‘હર ઘર દસ્તક 2.0’ અભિયાન ........ 25
- રાજસ્થાન સરકારે રાજીવગાંધી ખેલ રત્ન પુરસ્કાર અને ગ્રામીણ ઓલિમ્પિક્સની જાહેરાત કરી ........ 26
- ભારતીય બિઝનેસ પોર્ટલ ........ 27
- QUESTION ANSWERS ........ 28

**03 JUNE-2022**

- દિવસ મહિમા : 03 જૂન, વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day) ........ 29
- INS નિર્દેશક (INS Nirdeshak) ........ 30
- QUESTION ANSWERS ........ 31

**04 JUNE-2022**

- દિવસ મહિમા : 04 જૂન, આક્રમણનો ભોગ બનેલા નિર્દોશ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 32
- શ્રેષ્ઠ યોજના (SHRESHTA Scheme) ........ 32
- ઈન્ટરનેશનલ લિક્વિડ-મિરર ટેલિસ્કોપ (ILMT) ........ 33
- QUESTION ANSWERS ........ 35

**ONE LINER** ........ 36

**QUESTION OF THIS WEEK** ........ 40

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 29 મે, (1) આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ
(International Day of United Nations Peacekeepers)
(2) વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ
(World Digestive Health Day)
(3) આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ
(International Everest Day)

## આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 29 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત શાંતિરક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં શાંતિની સ્થાપના માટે શહીદ થયેલા સૈનિકોની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ શાંતિ મિશનની રચના 29 મે, 1948ના રોજ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની ઉજવણી માટે 29 મે ની પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ 'People. Peace. Progress. The Power of Partnerships' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ

નેપાળ દ્વારા દર વર્ષે 29 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ' અથવા 'માઉન્ટ એવરેસ્ટ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- નોંધનીય છે કે 31 મે, 1953ના રોજ ન્યૂઝીલેન્ડના એડમન્ડ હિલેરી અને તેમના તિબેટીયન માર્ગદર્શક તેનઝિંગ નોર્ગે દ્વારા માઉન્ટ એવરેસ્ટ પર પ્રથમ વખત ચઢાણ કરવામાં આવ્યું હતું.
- માઉન્ટ એવરેસ્ટ ડે નેપાળના પર્વતીય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.
- માઉન્ટ એવરેસ્ટને તિબેટમાં 'ચોમોલુંગમ' અને નેપાળમાં 'સાગરમથા' તરીકે ઓળખવામાં આવે છે.
- માઉન્ટ એવરેસ્ટ વિશ્વનું સર્વોચ્ચ શિખર છે, જેની ઊંચાઈ 8,848 મીટર છે.

નોંધ: (1) નેપાળ અને ચીને માઉન્ટ એવરેસ્ટની સુધારેલી ઊંચાઈ 8,848.86 મીટર જાહેર કરી છે, નવી ઊંચાઈ અગાઉના માપ કરતા 86 સેમી વધુ છે.

(2) 8,848.86 મીટરની આ નવી ઊંચાઈએ લાંબા સમયથી સંકળાયેલી 8,848 મીટરની ઊંચાઈને બદલી નાખી છે, જે વર્ષ 1954માં સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા માપન મુજબ હતી.

(3) આ પર્વત નેપાળ અને તિબેટની સરહદ પર આવેલો છે અને શિખર પર બંને બાજુથી જોઈ શકાય છે.

(4) આ પર્વતનું નામ ભૂતપૂર્વ સર્વેયર જનરલ 'જ્યોર્જ એવરેસ્ટ'ના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## શ્રી ટેડરોસ અધાનમ WHOના ડિરેક્ટર જનરલ તરીકે ફરીથી ચૂંટાયા



શ્રી ટેડરોસ અધાનમ (Tedros Adhanom Ghebreyesus)ને બીજી મુદ્દત માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના ડિરેક્ટર જનરલ તરીકે ફરીથી ચૂંટવામાં આવ્યા છે.

- શ્રી ટેડરોસ અધાનમ ઈથોપિયાના છે અને તેઓ WHOના ડિરેક્ટર બનનાર પ્રથમ આફ્રિકન છે.
- તેઓ ઈથોપિયાના ભૂતપૂર્વ આરોગ્ય અને વિદેશી બાબતોના મંત્રી છે.
- તેઓ બીજી ટર્મ માટે WHOના ડિરેક્ટર જનરલ તરીકે ચૂંટાયા છે.
- તેઓ 1 જુલાઈ, 2017થી WHOના ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે.

### WHO

WHOનું પૂરું નામ 'World Health Organization' છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખરેખ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વર્લ્ડ ઓફ વર્ક રિપોર્ટ : ILO

તાજેતરમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)એ 'વર્લ્ડ ઓફ વર્ક' રિપોર્ટ પર ILO મોનિટરની નવમી આવૃત્તિ બહાર પાડી છે.

- આ રિપોર્ટ દર્શાવે છે કે 2021ના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન નોંધપાત્ર લાભ પછી 2022ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વૈશ્વિક સ્તરે કામના કલાકોની સંખ્યામાં ઘટાડો થયો છે, જે કોવિડ–19 પહેલાની રોજગારીની સ્થિતિ કરતા 3.8 ટકા ઓછી છે.
- તેનું મુખ્ય કારણ ચીનમાં તાજેતરનું લોકડાઉન, યુક્રેન–રશિયા સંઘર્ષ તથા ખાદ્ય અને ઈંધણના ભાવમાં વૈશ્વિક વધારો છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

#### વૈશ્વિક

### (1) કાર્યકાળની અછત

ભારત અને નિમ્ન–મધ્યમ આવક ધરાવતા દેશોએ 2020ના બીજા ત્રિમાસિક ગાળામાં કાર્યકાળમાં ઘટાડા સાથે લિંગ તફાવતનો અનુભવ કર્યો.

- જોકે ભારતમાં મહિલાઓ માટે કામના કલાકોનું પ્રારંભિક સ્તર ખૂબ જ ઓછું હતું.
- ભારતમાં મહિલાઓ દ્વારા કામ કરતા કલાકોની સંખ્યામાં ઘટાડો થવાથી નીચી–મધ્યમ આવક ધરાવતા દેશોના એકંદર પ્રદર્શન પર મામૂલી અસર પડી છે.
- તેનાથી વિપરિત ભારતમાં પુરુષો દ્વારા કામના કલાકોમાં ઘટાડો એકંદર કામગીરી પર મોટી અસર કરે છે.

### (2) વિકસિત અને વિકાસશીલ અર્થતંત્રો વચ્ચેનો તફાવત

વિકસિત અને વિકાસશીલ અર્થતંત્રો વચ્ચે નોંધપાત્ર અને વધતી જતી અસમાનતા રહી છે.

- જ્યારે ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં કામકાજના કલાકોમાં સુધારો જોવા મળ્યો હતો.
- જ્યારે નિમ્ન અને નીચી–મધ્યમ આવકવાળી અર્થવ્યવસ્થાઓમાં પૂર્વ કટોકટી બેઝલાઈનની તુલનામાં વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 3.6 અને 5.7 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) કાર્યસ્થળ બંધ થવાની પ્રવૃત્તિ

2021ના અંતમાં અને 2022ની શરૂઆતમાં ટૂંકા ઉછાળા પછી કાર્યસ્થળ બંધ થવાના વલણમાં હાલમાં ઘટાડો થયો છે.

- જ્યારે મોટાભાગના કામદારો અમુક પ્રકારના કામના સ્થળે પ્રતિબંધ ધરાવતા દેશોમાં રહે છે, ત્યારે પ્રતિબંધનું સૌથી ગંભીર સ્વરૂપ (આવશ્યક કાર્યસ્થળો સિવાય તમામ અર્થતંત્ર–વ્યાપી ફરજિયાત બંધ) લગભગ અદશ્ય થઈ ગયું છે.
- વધુ તાજેતરના કડક કાર્યસ્થળોના બંધમાં આ ઘટાડો ખાસ કરીને યુરોપ અને મધ્ય એશિયામાં ખાસ કરીને સ્પષ્ટતા કરવામાં આવી હતી, જ્યાં કાં તો માત્ર ભલામણ કરેલ બંધનો સામનો કરે છે અથવા બિલકુલ નહીં.

## (4) રોજગાર પુનઃ પ્રાપ્તિ વલણોમાં વિચલન

કામકાજના કલાકોમાં એકંદર તફાવતને અનુરૂપ 2021ના અંત સુધીમાં મોટાભાગના ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં રોજગારીનું સ્તર સુધર્યું હતું.

- જ્યારે મોટા ભાગની મધ્યમ આવક ધરાવતા અર્થતંત્રોમાં નુકસાનનું વલણ રહ્યું હતું.
- 2019ના છેલ્લા ક્વાર્ટરથી રોજગાર–થી–વસતી ગુણોત્તરમાં તફાવત 2021ના અંત સુધીમાં સંકુચિત થયો હતો.

## (5) મજૂરીની આવક હજી સુધી પુનઃ પ્રાપ્ત થઈ નથી

2021માં પાંચમાંથી ત્રણ કામદારો એવા દેશમાં રહેતા હતા જ્યાં 2019ના ચોથા ક્વાર્ટરમાં સરેરાશ વાર્ષિક મજૂર આવક હજી સુધી તેના સ્તરે પહોંચી ન હતી.

- નિમ્ન–મધ્યમ અને ઉચ્ચ–મધ્યમ આવક ધરાવતા દેશોમાં (ચીન સિવાય) કામદારોએ 2021માં અનુક્રમે -1.6%, -2.7% અને -3.7%ના દરે ઓછી મજૂર આવક ચૂકવણી પર કામ કરવું પડ્યું હતું.

### ભારત

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કોવિડ– 19 મહામારી પહેલા કામ કરતી પ્રત્યેક 100 મહિલાઓમાંથી 12.3 મહિલાઓએ તેમની નોકરી ગુમાવી છે.

- તેનાથી વિપરિત આ આંકડો દર પુરૂષો માટે 7.5 છે.
- આથી મહામારીએ દેશમાં રોજગાર સહભાગિતામાં પહેલેથી જ પ્રવર્તી રહેલા લિંગ અસંતુલનને વધુ વધાર્યુ હોવાનું જણાય છે.
- ભારતમાં મહિલાઓની રોજગારીમાં ઘટાડો થયો છે, ખાસ કરીને કોવિડ– 19 મહામારીના પરિણામે હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ILO

**ILOનું પૂરું નામ 'International Labour Organization' છે.**

- લીગ ઓફ નેશન્સની સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા વર્ષ 1919માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1946મા સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ સંલગ્ન વિશેષ એજન્સી બની હતી.
- તે સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ અને સૌથી જૂની વિશિષ્ટ એજન્સી છે.
- તે UNની એકમાત્ર ત્રિપક્ષીય એજન્સી છે, જે આંતરરાષ્ટ્રીય શ્રમ ધોરણો નક્કી કરીને સામાજિક અને આર્થિક ન્યાયને આગળ ધપાવે છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત માનવ અને મજૂર અધિકારોને પ્રોત્સાહન આપે છે.
- તેના 187 સભ્ય દેશો છે (UNના 193 સભ્ય દેશોમાંથી 186 દેશ અને કૂક ટાપુઓ)
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (D)

2. વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ શું છે ?
(A) Man in peacekeeping- A key to peace
(B) Youth in peacekeeping- A key to peace
(C) People. Peace. Progress. The power of Partnerships
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (C)

3. 'વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (D)

4. 'આંતરરાષ્ટ્રીય એવરેસ્ટ દિવસ' અથવા તો 'માઉન્ટ એવરેસ્ટ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે (D)

5. તાજેતરમાં શ્રી ટેડરોસ અધનમ (Tedros Adhanom Ghebreyesus)ને બીજી મુદ્દત માટે WHOના ડિરેક્ટર જનરલ તરીકે ફરીથી ચૂંટવામાં આવ્યા છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તેઓ ઈથોપિયાના છે અને તેઓ WHOના ડિરેક્ટર બનનાર પ્રથમ આફ્રિકન છે.
2. તેઓ ઈથોપિયાના ભૂતપૂર્વ આરોગ્ય અને વિદેશ મંત્રી છે.
3. તેઓ વર્ષ 2017થી WHO ના ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 3 (C)

6. તાજેતરમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)એ 'વર્લ્ડ ઓફ વર્ક' રિપોર્ટ પર ILO મોનિટરની આવૃત્તિ બહાર પાડી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. વર્લ્ડ ઓફ વર્ક રિપોર્ટ પર ILO મોનિટરની નવમી આવૃત્તિ હતી.
2. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કોવિડ– 19 મહામારી પહેલા કામ કરતી પ્રત્યેક 100 મહિલાઓમાંથી 12.3 મહિલાઓએ તેમની નોકરી ગુમાવી છે.
3. આ રિપોર્ટ અનુસાર નિમ્ન અને નીચી–મધ્યમ આવકવાળી અર્થવ્યવસ્થાઓમાં પૂર્વ કટોકટી બેઝલાઈનની તુલનામાં વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 3.6 અને 5.7 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INS ગોમતી 34 વર્ષ બાદ નિવૃત્ત



ભારતીય નૌકાદળ (Indian Navy)એ 34 વર્ષની સેવા બાદ INS ગોમતી (INS Gomti)ને નિવૃત્ત (સેવામુક્ત) કરવામાં આવ્યું હતું.

- INS ગોમતીને મુંબઈમાં નેવલ ડોકયાર્ડ ખાતે સૂર્યાસ્ત સમયે ડિકમિશન કરવામાં આવ્યું હતું.

### INS ગોમતી

INS ગોમતીનું નામ ગોમતી નદી પરથી રાખવામાં આવ્યું છે.

- INS ગોમતીને જ્યારે સેવાનિવૃત્ત કરવામાં આવ્યું ત્યારે તે પશ્ચિમી કાફલામાં માર્ગદર્શિત મિસાઈલ યુદ્ધ જહાજોમાં સૌથી જૂનું હતું.
- તેને વર્ષ 1988માં મંઝગાંવ ડોક લિમિટેડ, બોમ્બે ખાતે કાર્યરત કરવામાં આવ્યું હતું.
- તેમણે ઓપરેશન કેક્ટસ, પરાક્રમ અને ઈન્દ્રધનુષ તથા અનેક દ્વિપક્ષીય અને બહુરાષ્ટ્રીય નૌકા કવાયતમાં ભાગ લીધો હતો.
- INS ગોમતીને 2007-08માં એક વખત અને 2019-20માં બે વાર પ્રતિષ્ઠિત યુનિટ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.
- INS ગોમતી ગોદાવરી ક્લાસ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટનું ત્રીજું જહાજ હતું.
- INS ગોમતીનો વારસો લખનૌમાં ગોમતી નદીના કિનારે બનાવવામાં આવી રહેલા ખુલ્લા સંગ્રાહલયમાં રાખવામાં આવશે.

નોંધ: (1) ઓપરેશન કેક્ટસ ભારતીય સશસ્ત્ર દળોને માલદીવમાં સરકારી બળવાના પ્રયાસને નિષ્ક્રિય કરવામાં મદદ કરી હતી.

(2) વર્ષ 2001માં સંસદ પરના આંતકવાદી હુમલાના પગલે શરૂ કરાયેલ ઓપરેશન પરાક્રમ, 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ પછીનું પ્રથમ સંપૂર્ણ સ્તરનું લશ્કરી ઓપરેશન હતું.

(3) વર્ષ 2004માં શ્રીલંકાની સરકાર સાથે ભાગીદારીમાં સુનામીથી પ્રભાવિત લોકોને મદદ કરવા માટે ઈન્દ્રધનુષ પહેલ શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પેંગોંગ ત્સો ઉપર ચીનનો નવો પુલ

તાજેતરમાં વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે ચીન પેંગોંગ ત્સો તળાવ પર બીજો પુલ બનાવી રહ્યું છે.

- પુલનું સ્થાન 'ફિંગર 8'થી લગભગ 20 કિ.મી પૂર્વમાં તળાવના ઉત્તર કિનારે છે, જ્યાંથી વાસ્તવિક નિયંત્રણ રેખા પસાર થાય છે.
- જોકે પુલના સ્થાન અને ફિંગર 8 વચ્ચેનું વાસ્તવિક અંતર 35 કિ.મી કરતા વધુ છે.
- બાંધકામ સ્થળ ખુર્નાક કિલ્લાની પૂર્વમાં છે, જ્યાં ચીનના મુખ્ય સંરક્ષણ થાણા આવેલા છે.
- ચીન તેને સ્ટોંગ દેશ કહે છે.
- તેની ખુર્નાક કિલ્લા ખાતે ફ્રન્ટિયર ડિફેન્સ કંપની છે અને આગળ પૂર્વમાં બનમોઝાંગ ખાતે 'વોટર સ્કવોડ્રન' તૈનાત છે.
- જોકે તે 1958થી ચીનના નિયંત્રણ હેઠળના વિસ્તારમાં બનાવવામાં આવી રહ્યું છે.
- વિદેશ મંત્રાલય આ વિસ્તારને ચીનનો ગેરકાયદેસર કબજો માને છે.

### આ પુલ ચીનને કઇ રીતે મદદ કરશે

આ પુલ તળાવના સૌથી સાંકડા બિંદુઓમાંનો એક છે જે LACની નજીક છે.

- આ બાંધકામો તળાવની બે બાજુઓને જોડશે, જે પીપલ્સ લિબરેશન આર્મી (PLA)ને સૈનિક અને સશસ્ત્ર વાહનોને ખસેડવામાં લાગતો સમય નોંધપાત્ર રીતે ઘટાડશે.
- આ પુલને કારણે G219 હાઈવે (ચાઈનીઝ નેશનલ હાઈવે) પરથી જવાનોની અવરજવર 130 કિ.મી ઘટી ગઈ છે.

### પેંગોંગ ત્સો

પેંગોંગ ત્સોએ 135 કિ.મી લાંબુ લેન્ડલોક સરોવર છે.

- ભારત અને ચીન પાસે પેંગોંગ ત્સો સરોવરનો અનુક્રમે લગભગ એક તૃતીયાંશ અને બે તૃતીયાંશ હિસ્સો છે.
- આશરે 45 કિ.મી પેંગોંગ ત્સો તળાવ ભારતના નિયંત્રણ હેઠળ છે, જ્યારે લગભગ 60% તળાવ (લંબાઈમાં) ચીનમાં આવેલું છે.
- પેંગોંગ ત્સોનો પૂર્વ છેડો તિબેટમાં આવેલો છે.
- હિમનદીઓ ગલન દ્વારા રચાયેલી ચાંગ ચેન્મો શ્રેણીના પર્વતો નીચે ઢોળાવ છે, જેને આંગળીઓ (Fingers) તરીકે ઓળખવામાં આવે છે.
- તે વિશ્વના સૌથી ઊંચા તળાવોમાંનું એક છે. જેનું પાણી ખારૂ છે.
- પેંગોંગ ત્સો તેની બદલાતી રંગ ક્ષમતા માટે લોકપ્રિય છે, તેનું પાણી વાદળીમાંથી લીલા અને પછી લાલ રંગમાં બદલાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ




તાજેતરમાં ભારતમાં યુનિકોર્નની સંખ્યા 100 સુધી પહોંચી ગઈ છે.

- યુનિકોર્ન એટલે ઓછામાં ઓછા રૂ. 7,500 કરોડનું ટર્નઓવર ધરાવતું સ્ટાર્ટઅપ છે.
- આ યુનિકોર્નનું કુલ મુલ્ય 330 અરબ અમેરિકન ડોલર છે, જે 25 લાખ કરોડ રૂપિયાથી વધારે છે.
- ભારતીય યુનિકોર્નનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર અમેરિકા, યુ.કે અને અન્ય ઘણા દેશો કરતા વધારે છે.

### યુનિકોર્ન

યુનિકોર્ન એ કોઈપણ ખાનગી માલિકીની પેઢી છે જેની માર્કેટ મૂડી 1 મિલિયન અમેરિકન ડોલરથી વધુ છે.

- આ અન્ય ઉત્પાદનો/સેવાઓ વચ્ચે સર્જનાત્મક ઉકેલો અને નવા બિઝનેસ મોડલ ઓફર કરવા માટે સમર્પિત નવી એન્ટિટીની હાજરીને પ્રતિબિંબિત કરે છે.
- ઉદાહરણ તરીકે ફિનટેક, એડટેક, બિઝનેસ–ટુ–બિઝનેસ કંપનીઓ વગેરે.

**નોંધ :** અમેરિકા અને ચીન પછી ભરત વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IPL-2022માં ગુજરાત ટાઈટન્સ ચેમ્પિયન

26 માર્ચથી 29 મે, 2022 દરમિયાન IPLની 15મી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં 10 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં IPLની ફાઈનલ મેચમાં રાજસ્થાન રોયલ્સને હરાવીને ગુજરાત ટાઈટન્સે પ્રથમ વખત આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- નોંધનીય છે કે ગુજરાત ટાઈટન્સ નવી ફ્રેન્ચાઈઝી હતી અને ડેબ્યૂ સિઝનમાં જ ચેમ્પિયન બન્યું છે.



## IPL 2022ની ફાઈનલ મેચ




IPL 2022ની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં રાજસ્થાન રોયલ્સે પ્રથમ દાવમાં 130 રન બનાવ્યા હતા.
- જે ગુજરાત ટાઈટન્સે 18.1 ઓવરમાં 133 રન બનાવીને IPL 2022ની ટ્રોફી જીતી લીધી હતી.
- ફાઈનલ મેચમાં 34 રન ફટકારનાર અને 3 વિકેટ ઝડપનાર શ્રી હાર્દિક પંડયા 'મેન ઓફ ધ મેચ' અથવા 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IPL 2022માં 'મેન ઓફ ધ સીરિઝ'



IPL 2022માં રાજસ્થાન રોયલ્સના ખેલાડી શ્રી જોસ બટલર 'મેન ઓફ ધ સીરિઝ' બન્યા હતા.

- શ્રી જોસ બટલરે IPLની આ સિઝનમાં 863 રન બનાવ્યા હતા.

નોંધ : શ્રી જોસ બટલર ઈંગ્લેન્ડના ખેલાડી છે.

## IPL 2022 એવોર્ડ




આ ટુર્નામેન્ટમાં 863 રન બનાવનાર રાજસ્થાન રોયલ્સના ખેલાડી શ્રી જોસ બટલરને સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

- જ્યારે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 27 વિકેટ ઝડપનાર રાજસ્થાન રોયલ્સના જ ખેલાડી શ્રી યુઝવેન્દ્ર ચહલને સૌથી વધુ વિકેટ માટેનો પર્પલ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

# IPL- 2022 ના ખૂબ જ મહત્ત્વના એવોર્ડ અને અચિવમેન્ટ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી/ટીમ | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | IPL 2022 વિજેતા ટીમ | ગુજરાત ટાઈટન્સ | – |
| 2 | રનર્સ ઓફ IPL 2022 | રાજસ્થાન રોયલ્સ | – |
| 3 | મેન ઓફ ધ મેચ (ફાઈનલ) | શ્રી હાર્દિક પંડયા | ગુજરાત ટાઈટન્સ |
| 4 | મેન ઓફ ધ સીરિઝ તથા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | શ્રી જોસ બટલર | રાજસ્થાન રોયલ્સ |
| 5 | ઓરેન્જ કેપ (સૌથી વધુ રન માટે) | શ્રી જોસ બટલર | રાજસ્થાન રોયલ્સ |
| 6 | પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ માટે) | શ્રી યુઝવેન્દ્ર ચહલ | રાજસ્થાન રોયલ્સ |
| 7 | PAYTM ફેયરપ્લે એવોર્ડ | – | રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન્સ |
| 8 | બેસ્ટ કેચ ઓફ ધ સિઝન | શ્રી ઈવિન લૂઈસ | લખનૌ સુપર જાયન્ટ્સ |
| 9 | Dream 11 ગેમ ચેન્જર ઓફ ધ સિઝન | શ્રી જોસ બટલર | રાજસ્થાન રોયલ્સ |
| 10 | Punch સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સિઝન | શ્રી દિનેશ કાર્તિક | રોયલ ચેલેન્જર બેંગ્લોર |
| 11 | સૌથી વધુ સિક્સરનો એવોર્ડ (Unacadamy let's Crack it sixes of the Season) | શ્રી જોસ બટલર | રાજસ્થાન રોયલ્સ |
| 12 | CRED પાવર પ્લેયર ઓફ ધ સિઝન | શ્રી જોસ બટલર | રાજસ્થાન રોયલ્સ |
| 13 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | શ્રી ઉમરાન મલિક | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| 14 | ફાસ્ટેટ ડિલિવરી ઓફ ધ સિઝન | શ્રી લોકી ફર્ગ્યુસન | ગુજરાત ટાઈટન્સ |
| 15 | ફોર્સ ઓફ ધ સિઝન (સૌથી વધુ ફોર) | શ્રી જોસ બટલર | રાજસ્થાન રોયલ્સ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૌથી મોટી જર્સીનું અનાવરણ

અમદાવાદ ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં IPL 2022ની ફાઈનલ મેચ પહેલા વિશ્વની સૌથી મોટી ક્રિકેટ જર્સીનું આનાવરણ કર્યું હતું.

- આ જર્સી 66 મીટર લાંબી અને 42 મીટર પહોળી હતી.
- આ જર્સીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ તરફ થી સર્ટિફિકેટ મળ્યું છે.




## IPL 2022 વિશેના કેટલાંક અન્ય તથ્યો

IPL 2022 વિજેતા ટીમ ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શ્રી હાર્દિક પંડયા છે.

- ગુજરાત ટાઈટન્સના કોચ શ્રી આશિષ નહેરા છે.
- ગુજરાત ટાઈટન્સની ફ્રેન્ચાઈઝીની માલિકી CVC કેપિટલ પાસે છે.
- રનર્સ અપ ટીમ રાજસ્થાન રોયલ્સના કેપ્ટન શ્રી સંજુ સેમસન છે.
- વર્ષ 2022માં IPL ટુર્નામેન્ટની આ 15મી સિઝન હતી.
- IPL 2022ને સ્પોન્સરશિપના કારણોસર TATA IPL 2022 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 2011ની ટુર્નામેન્ટ પછી દસ ટીમો ધરાવતી આ બીજી સિઝન હતી.
- વર્ષ 2022માં બે નવી ટીમનો ઉમેરો કરવામાં આવ્યો છે. ગુજરાત ટાઈટન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ
- IPL 2022ના પોઈન્ટ ટેબલમાં ગુજરાત ટાઈટન્સ 20 પોઈન્ટ સાથે પ્રથમ ક્રમાંકે હતું.
- ત્યારબાદ 18 પોઈન્ટ સાથે રાજસ્થાન રોયલ્સ બીજા ક્રમાંકે હતી.
- વર્ષ 2022ના આ પોઈન્ટ ટેબલમાં અંતિમ 10મા ક્રમે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હતી.

## સૌથી વધુ IPL વિજેતા ટીમ

| ક્રમ | ટીમનું નામ | કેટલી વખત વિજેતા |
|---|---|---|
| 1 | મુંબઈ ઈન્ડિયન્સ | 5 |
| 2 | ચેન્નાઈ સુપર કિંગ્સ | 4 |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | 2 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# IPL

IPL નું પૂરું નામ 'ઈન્ડિયન પ્રીમિયર લીગ' છે. IPLએ ભારતની પ્રોફેશનલ T-20 લીગ છે.

- BCCI દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- IPLની સ્થાપનામાં શ્રી લલિત મોદીની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશનર હતા.
- IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ 2008માં યોજાઈ હતી. વર્ષ 2008થી દર વર્ષ એપ્રિલ–મે દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.
- વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ રાજસ્થાન રોયલ્સ છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ પાંચ વખત આ ટુર્નામેન્ટ વિજેતા ટીમનું નામ મુંબઈ ઈન્ડિયન્સ છે.
- IPLનું સંચાલન BCCI દ્વારા કરવામાં આવે છે.
- BCCIનું પૂરું નામ 'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા' છે.

ICE INSTITUTE COMPETITIVE EXAMS ®

## IPL ટુર્નામેન્ટ વિજેતા ટીમ

| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| પ્રથમ | 2008 | રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| દસમી | 2017 | મુંબઈ ઈન્ડિયન્સ | રાઈઝિંગ પૂણે સુપર જાયન્ટ |
| અગિયારમી | 2018 | ચેન્નાઈ સુપર કિંગ્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| બારમી | 2019 | મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| તેરમી | 2020 | મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી કેપિટલ્સ |
| ચૌદમી | 2021 | ચેન્નાઈ સુપર કિંગ્સ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| પંદરમી | 2022 | ગુજરાત ટાઈટન્સ | રાજસ્થાન રોયલ્સ |

**1.** તાજેતરમાં ભારતીય નૌકાદળે (Indian Navy)એ 34 વર્ષની સેવા બાદ INS ગોમતી (INS Gomti)ને સેવાનિવૃત્ત કર્યું છે. તેને કયા વર્ષે મંઝગાંવ ડોક લિમિટેડ, બોમ્બે ખાતે કાર્યરત કરવામાં આવ્યું હતું ?

(A) 1978 (B) 1988 (C) 1996 (D) 1998 **(B)**

**2.** તાજેતરમાં વિદેશ મંત્રાલયે પૃષ્ટિ કરી છે કે ચીન 'પેંગોંગ ત્સો' તળાવ પર બીજો પુલ બનાવી રહ્યું છે. આ પેંગોંગ ત્સો તળાવ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પેંગોંગ ત્સો એ 135 કિ.મી લાંબુ લેન્ડલોક સરોવર છે.
2. ભારત અને ચીન પાસે પેંગોંગ ત્સો સરોવરનો અનુક્રમે લગભગ એક તૃતીયાંશ અને બે તૃતીયાંશ હિસ્સો છે.
3. પેંગોગ ત્સોનો પૂર્વ છેડો તિબેટમાં આવેલો છે.
4. તે વિશ્વના સૌથી ઊંચા તળાવોમાંનું એક છે. જેનું પાણી ખારું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**3.** તાજેતરમાં ભારતમાં યુનિકોર્નની સંખ્યા 100 સુધી પહોંચી ગઈ છે. યુનિકોર્ન એ કોઈપણ ખાનગી માલિકીની પેઢી છે જેની માર્કેટ મૂડી..............થી વધુ છે.

(A) 1 મિલિયન અમેરિકન ડોલર (B) 2 હજાર અમેરિકન ડોલર

(C) 8 લાખ (D) 5 લાખ **(A)**

**4.** વર્ષ 2022 દરમિયાન IPLની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?

(A) 13 મી (B) 14 મી (C) 15 મી (D) 16 મી **(C)**

**5.** IPL 2022માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?

(A) 6 (B) 10 (C) 7 (D) 8 **(B)**

**6.** IPL 2022 વિજેતા ટીમનું નામ શું છે ?

(A) ગુજરાત ટાઈટન્સ (B) રાજસ્થાન રોયલ્સ

(C) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (D) સનરાઈઝર્સ હૈદરાબાદ **(A)**

**7.** IPL 2022ની ફાઈનલ મેચમાં ગુજરાત ટાઈટન્સે કઈ ટીમને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) રાજસ્થાન રોયલ્સ (B) ચેન્નાઈ સુપર કિંગ્સ

(C) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (D) લખનૌ સુપર જાયન્ટ્સ **(A)**

**8.** IPL 2022ની ફાઈનલ મેચ કયા સ્થળે યોજાય હતી ?

(A) વાનખેડે સ્ટેડિયમ, મુંબઈ (B) ઈડન ગાર્ડન્સ, કોલકાતા

(C) અરૂણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી (D) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ **(D)**

**9.** IPL 2022ની ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ જણાવો ?

(A) શ્રી જોસ બટલર (B) શ્રી સંજુ સેમસન (C) શ્રી હાર્દિક પંડયા (D) શ્રી ડેવિડ મિલર **(C)**

**10.** IPL 2022માં મેન ઓધ સીરિઝ (અથવા પ્લેયર ઓફ ધ સીરિઝ) અથવા તો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી યુઝવેન્દ્ર ચહલ (B) શ્રી જોસ બટલર (C) શ્રી હાર્દિક પંડયા (D) શ્રી રાશિદ ખાન **(B)**

**11.** IPL 2022માં સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી જોસ બટલર (C) શ્રી દિનેશ કાર્તિક (D) શ્રી સંજુ સેમસન **(B)**

**12.** IPL 2022માં સૌથી વધુ વિકેટ માટેનો પર્પલ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી હર્ષલ પટેલ (B) શ્રી રાશિદ ખાન (C) શ્રી લોકી ફર્ગ્યુશન (D) શ્રી યુઝવેન્દ્ર ચહલ **(D)**

**13.** IPL 2022નું પૂરું નામ શું છે ?

(A) ઈન્ડિયન પ્રાઈવેટ લીગ (B) ઈન્ડિયન પ્રો લીગ

(C) ઈન્ડિયન પ્રીમિયર લીગ (D) ઈન્ડિયન પ્રીમિયમ લીગ **(C)**

**14.** BCCI દ્વારા IPLની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન ક્યારે થયું હતું ?

(A) 2005 (B) 2006 (C) 2007 (D) 2008 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day)

સમગ્ર વિશ્વમાં 31 મે ના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ તમાકુના ઉપયોગની નકારત્મક સ્વાસ્થ્ય અસરો અંગે જાગૃત્તિ કેળવવાનો છે.
- આથી, આ દિવસે સમગ્ર વિશ્વમાં 24 કલાક માટે તમાકુના તમામ સ્વરૂપોના ઉપયોગનો ત્યાગ કરવા લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- WHOના સભ્ય દેશો દ્વારા 1987માં 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની રચના કરવામાં આવી હતી.
- વર્ષ 2022ની 'વર્લ્ડ ટોબેકો ડે'ની થીમ 'Tobacco : Threat our environment' છે.

નોંધ: 'વિશ્વ તમાકુ નિષેધ દિન' 31 મે ના રોજ ઉજવાય છે જ્યારે 'વિશ્વ માદક પદાર્થ વિરોધ દિન' 26 જૂનના રોજ ઉજવાય છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરના કલોલના નેનો લિક્વિડ યુરિયા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યુ



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગાંધીનગરના કલોલમાં આવેલા IFFCO ખાતે દેશના પ્રથમ 'નેનો લિક્વિડ યુરિયા પ્લાન્ટ'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે 'સહકાર થી સમૃદ્ધિ' પર વિવિધ સહકારી સંસ્થાઓના નેતાઓના સેમિનારને સંબોધિત કરતી વખતે નવા પ્લાન્ટનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- IFFCOએ સમગ્ર વિશ્વના ખેડૂતો માટે સૌપ્રથમ 'નેનો યુરિયા લિક્વિડ' (Nano Urea Liquid) તૈયાર કર્યુ છે.
- IFFCOએ જણાવ્યું હતું કે નેનો લિક્વિડ યુરિયાની 500 મિલીલીટરની બોટલ ઓછામાં ઓછી સામાન્ય યુરિયાની 1 બોરી (બેગ) બરાબર હશે.
- આથી તે ખેડૂતોનો ખર્ચ ઘટાડશે અને પાકની ઉપજ અને આવકમાં વધારો થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે પરંપરાગત યુરિયાના વિકલ્પ તરીકે છોડને નાઈટ્રોજન પ્રદાન કરતું પ્રવાહી પોષક તત્ત્વ છે.
- IFFCO અનુસાર ખેડૂતો પ્રવાહી યુરિયાનો ઉપયોગ કરીને સામાન્ય યુરિયાનો વપરાશ 50% ઘટાડી શકે છે.
- નેનો યુરિયા લિક્વિડની 500 મિલીલીટરની એક બોટલમાં 40,000 મિલીગ્રામ નાઈટ્રોજન હોય છે.
- છોડને નાઈટ્રોજન પહોંચાડવામાં પરંપરાગત યુરિયા 30-40% અસરકારક છે, જ્યારે નેનો યુરિયા લિક્વિડની અસરકારકતા 80% કરતા વધારે છે.




નોંધ: (1) નેનો યુરિયા લિક્વિડની એક બોટલ લગભગ રૂ. 240ની કિંમતે ઉપલબ્ધ થશે.

(2) તેનું નિર્માણ કલોલમાં IFFCOમાં સ્થિત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન' અને 'આત્મનિર્ભર કૃષિ અભિયાન' હેઠળ કરવામાં આવ્યું છે.

(3) પાકની પોષક કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે નેનો–ટેકનોલોજી દ્વારા ઉત્પાદિત યુરિયાને નેનો યુરિયા કહેવામાં આવે છે. નેનો યુરિયા બે રીતે ઉત્પન્ન થાય છે.

(4) સૌપ્રથમ ક્વિનહાઈડ્રોન (Quinhydrone) મિશ્રિત આલ્કોહોલ તૈયાર કરવામાં આવે છે.

(5) ત્યારબાદ આ મિશ્રણને નેનો યુરિયા બનાવવા માટે કેલ્શિયમ સાયનામાઈડ ગ્રાન્યુલસ (Calcium Cynamide Granules) પર ફેલાવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IFFCO

IFFCOનું પૂરું નામ 'Indian Farmers Fertiliser Cooperative Limited' છે.

- IFFCO એ ખાતરના ઉત્પાદન અને માર્કેટિંગમાં સામેલ ભારતની સૌથી મોટી સહકારી મંડળી છે.
- વર્ષ 1967માં માત્ર 57 સહકારી મંડળીઓની સાથે સ્થાપના કરવામાં આવી હતી.
- વર્તમાન IFFCOની 36,000થી વધુ ભારતીય સહકારી મંડળીઓનું જૂથ છે.
- IFFCOનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

## ક્લાયમેટ એક્શન અને જમીન સંરક્ષણ અંતર્ગત ‘માટી બચાવો’ (Save Soil) MoU કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું



ગુજરાત રાજ્યના ક્લાયમેટ ચેન્જ વિભાગ અને ઈશા આઉટરિચ વચ્ચે ક્લાયમેટ એક્શન–જમીન સંરક્ષણ અંતર્ગત ‘માટી બચાવો’ અથવા 'Save Soil' માટેના MoU અમદાવાદ ખાતે કરવામાં આવ્યા હતા.

- આ MoU મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઈશા ફાઉન્ડેશનના સંસ્થાપક આધ્યાત્મિક ગુરુ શ્રી સદગુરૂ જગ્ગી વાસુદેવની પ્રેરક ઉપસ્થિતિમાં થયા હતા.
- નોંધનીય છે કે માટી બચાવોના આ અભિયાન માટે વિશ્વવ્યાપી જાગૃતિ કેળવવા ઈશા ફાઉન્ડેશનના સ્થાપક શ્રી જગ્ગી સદગુરૂ 100 દિવસની 30 હજાર કિલોમીટરની બાઈક યાત્રા પર નિકળયા છે.
- સમગ્ર યુરોપ, મધ્ય એશિયા અને મધ્ય પૂર્વ વિસ્તારોમાં તેમણે માટી બચાવવાના તાત્કાલિક નીતિગત ફેરફારો માટે સરકારોને સજાગ કરવાના ઉદ્દેશ્ય સાથે આ યાત્રા આરંભી છે.
- આ સાથે ‘માટી બચાવો’ (Save Soil)ની વૈશ્વિક ચળવળમાં આ MoUની અભિનવ પહેલ દ્વારા સહયોગ આપનારું દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે.
- વિશ્વમાં ઉપજાઉ માટીની ગુણવત્તા ચિંતાજનક સ્તરે નીચે જઈ રહી છે તેની સામે જનજાગૃત્તિ કેળવવા આ માટી બચાવો અભિયાન ઈશા ફાઉન્ડેશને હાથ ધર્યું છે.



1. 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 29 મે (B) 30 મે (C) 31 મે (D) 1 જૂન (C)

2. વર્ષ 2022ની 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની થીમ શું છે ?

(A) Tobacco : Dedly in any form or disguise

(B) Tobacco : Threat our environment

(C) Tobacco : A threat to development

(D) Tobacco : Kills, don't be duped (B)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે દેશના પ્રથમ 'નેનો લિક્વિડ યુરિયા પ્લાન્ટ'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) કલોલ, ગાંધીનગર (B) પુણે, મહારાષ્ટ્ર (C) બેંગ્લોર, કર્ણાટક (D) લખનૌ, ઉત્તરપ્રદેશ (A)

4. 'નેનો યુરિયા લિક્વિડ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ લિક્વિડ IFFCO દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.
2. નેનો લિક્વિડ યુરિયાની 500 ML બોટલ સામાન્ય યુરિયાની 1 બોરી (બેગ) બરાબર છે.
3. તે પરંપરાગત યુરિયાના વિકલ્પ તરીકે છોડને નાઈટ્રોજન પ્રદાન કરતું પ્રવાહી પોષક તત્વ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. શ્રી સદગુરૂ દ્વારા શરૂ કરવામાં આવેલું 'માટી બચાવો' (Save Soil) ચળવળ હેઠળ ક્લાયમેટ એક્શન અને જમીન સંરક્ષણ અંતર્ગત "Save Soil" MoU કરનાર .................દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

(A) ગુજરાત (B) રાજસ્થાન (C) મધ્યપ્રદેશ (D) ઉત્તરપ્રદેશ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 જૂન, (1) વૈશ્વિક માતા-પિતા દિવસ
## (2) વિશ્વ દૂધ દિવસ (World Milk Day)

### વિશ્વ દૂધ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જૂન ના રોજ 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ડેરી ક્ષેત્રના વિકાસ, દૂધ ઉત્પાદન પ્રવૃત્તિઓ અને દૂધના પોષક મૂલ્યોના મહત્ત્વને પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા વર્ષ 2001 થી દર વર્ષે 1 જૂને આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ:** ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ ડો. વર્ગિસ કુરિયનના જન્મદિવસ નિમિત્તે 'રાષ્ટ્રીય દૂધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અસ્ત્ર માર્ક-1 મિસાઈલ (Astra MK-1 Missile)

તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે અસ્ત્ર માર્ક–1 (Astra MK-1) મિસાઈલના સપ્લાય માટે હૈદરાબાદ સ્થિત જાહેરક્ષેત્રની 'ભારત ડાયનેમિક્સ લિમિટેડ' (BDL) કંપની સાથે કરાર કર્યા છે.



- રૂ. 2,971 કરોડના ખર્ચે ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળના ફાઈટર જેટ પર તૈનાતી માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- નોંધનીય છે કે અસ્ત્ર પ્રોજેક્ટ સત્તાવાર રીતે 2000ના દાયકાની શરૂઆતમાં વ્યાખ્યાયિત પરિમાણો અને સૂચિત ભાવિ પ્રકારો સાથે શરૂ કરવામાં આવ્યો હતો.
- અસ્ત્ર માર્ક–1 મિસાઈલ વેરિઅન્ટનો વિકાસ તબક્કો 2017ની આસપાસ પૂર્ણ થયો હતો.
- અને વર્ષ 2017થી અત્યાર સુધી સુખોઈ 30 MKI પર ઘણા પરીક્ષણો કર્યા હતા.

## અસ્ત્ર માર્ક-1 મિસાઈલની વિશેષતા

અસ્ત્ર એ હવામાંથી હવામાં (Air to Air) પ્રહાર કરતી ભારતમાં બનેલી પ્રથમ મિસાઈલ છે.

- ભારતની સ્વદેશી બનાવટની આ મિસાઈલની ડિઝાઈન DRDO દ્વારા તૈયાર કરવામાં આવી છે અને Bharat Dynamics Limited (BDL) દ્વારા તેનું મેન્યુફેક્ચરિંગ કરવામાં આવે છે.
- અસ્ત્ર એ Beyond Visual Range Air to Air Missile છે. જે ખૂબ જ વધારે સ્પીડ કરતા અને નરી આંખે જોઈ ન શકાતા લક્ષ્યને પણ તે સચોટ રીતે ભેદી શકે છે.
- અસ્ત્ર માર્ક–1ની રેન્જ લગભગ 110 કિ.મી છે.
- જ્યારે 150 કિ.મી થી વધુની રેન્જ સાથે અસ્ત્ર માર્ક–2 વિકસાવવામાં આવી રહી છે.
- આ ઉપરાંત લાંબા અંતરની અસ્ત્ર માર્ક–3 વેરિએન્ટની પણ કલ્પના કરવામાં આવી રહી છે.
- આ મિસાઈલને ભારતના Sukhoi SU-30 MKI, MIG-29 તથા તેજસ જેવા ફાઈટર જેટ પર તૈનાત કરવા માટે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.

## પ્રસિદ્ધ ગાયક શ્રી કે.કે નું 53 વર્ષની વયે નિધન

બોલિવુડના પ્રસિદ્ધ ગાયક શ્રી કૃષ્ણકુમાર કુન્નાથ (કે.કે)નું 53 વર્ષની વયે કોલકાતામાં નિધન થયું છે.

- કોલકાતામાં એક કોન્સર્ટ બાદ હાર્ટ એટેકના કારણે તેમનું નિધન થયું હતું.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી કે. કે

શ્રી કે.કેનું પૂરું નામ શ્રી કૃષ્ણકુમાર કુન્નાથ હતું. પરંતુ તે લોકપ્રિય રીતે કે.કે તરીકે જાણીતા હતા.

- તેઓ એક ભારતીય પ્લેબેક સિંગર હતા તેમણે હિન્દી, તમિલ, તેલગુ, કન્નડ, મલાયમ, મરાઠી, ઉડિયા, બંગાળી, આસામી અને ગુજરાતી સહિત અનેક ભાષાઓમાં ગીતો રેકોર્ડ કર્યા છે.
- શ્રી કે.કે નો જન્મ 23 ઓગસ્ટ, 1968ના રોજ દિલ્હી ખાતે થયો હતો.
- શ્રી કે.કે એ તેમની કારકિર્દીની શરૂઆત જિંગલ્સ ગીતો ગાઈને કરી હતી અને શ્રી એ.આર રહેમાન સાઉન્ડટ્રેક સાથે તેની ફિલ્મની શરૂઆત કરી હતી.
- વર્ષ 1999માં તેમણે પાલ (અથવા પલ) નામનું તેનું પ્રથમ આલ્બમ લોન્ચ કર્યુ હતું.
- તેમણે વર્ષ 1999માં હમ દિલ દે ચૂકે સનમના ગીત તડપ તડપ કે ઈસ દિલ સે સોન્ગથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું.
- વર્ષ 1999માં ક્રિકેટ વર્લ્ડ કપ દરમિયાન ભારતીય ટીમના સમર્થનમાં 'જોશ ઓફ ઈન્ડિયા' ગીત ગાયું હતું.
- તેમના કેટલાંક પ્રસિદ્ધ સોન્ગ નીચે મુજબ છે :

(1) તડપ તડપ (હમ દિલ દે ચૂકે સનમ)

(2) દસ બહાને (દસ)

(3) આંખો મે તેરી (ઓમ શાંતિ ઓમ)

(4) ઝરા સા (જન્નત)

(5) ખુદા જાને (બચના એ હસીનો)

(6) ઈન્ડિયા વાલે (હેપી ન્યૂ યર)



- તેમને છ ફિલ્મફેર પુરસ્કારોના નામાંકન પ્રાપ્ત થયા હતા પરંતુ જીત્યા ન હતા.
- વર્ષ 2009માં તેમણે ફિલ્મ બચના એ હસીનોના તેના ગીત ખુદા જાને માટે સ્ક્રીન એવોર્ડ (શ્રેષ્ઠ પ્લેબેક સિંગર–મેલ) જીત્યો હતો.

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વૈશ્વિક માતા–પિતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જૂન **(B)**

2. 'વિશ્વ દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જૂન **(B)**

3. તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે અસ્ત્ર માર્ક–1 (Astra Mark-1) મિસાઈલના સપ્લાય માટે હૈદરાબાદ સ્થિત ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL) કંપની સાથે કરાર કર્યા છે. અસ્ત્ર માર્ક–1 મિસાઈલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે હવામાંથી હવામાં (Air to Air) પ્રહાર કરતી ભારતમા બનેલી મિસાઈલ છે.
2. અસ્ત્ર માર્ક– 1ની રેન્જ લગભગ 110 કિ.મી છે.
3. આ મિસાઈલને ભારતના Sukhoi SU 30 MKI, MIG-29 તથા તેજસ જેવા ફાઈટર જેટ પર તૈનાત કરવામાં માટે વિકસાવવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

4. તાજેતરમાં બોલિવૂડના પ્રસિદ્ધ ગાયક શ્રી કે.કે.નું નિધન થયું છે. તેનું પૂરું નામ જણાવો ?

(A) શ્રી કૃષ્ણકુમાર કુન્નાથ (B) શ્રી કેનિલ કુમાર કુન્નાથ

(C) શ્રી કરણકુમાર કુન્નાથ (D) શ્રી કનિષ્કકુમાર કુન્નાથ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ‘હર ઘર દસ્તક 2.0’ અભિયાન

1 જૂન, 2022ના રોજ ‘હર ઘર દસ્તક 2.0 અભિયાન’ સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યું છે, જેથી કરીને તમામ પાત્ર લાભાર્થીઓ સંપૂર્ણ Covid-19 રસીકરણ મેળવી શકે.

- આ અભિયાન 12 થી 14 વર્ષની વયજૂથના લોકોને રસીકરણ અને 60 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે સાવચેતીના ડોઝ પર વિશેષ ધ્યાન આપે છે.
- તે બે મહિનાનું ડોર–ટૂ–ડોર અભિયાન છે જે 1 જૂન થી 31 જુલાઈ, 2022 સુધી ચાલશે.
- પ્રથમ હર ઘર દસ્તક અભિયાન નવેમ્બર 2021માં શરૂ કરવામાં આવ્યું હતું.
- અત્યાર સુધીમાં દેશભરમાં 193.6 કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.
- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કોવિડ રસીકરણની ધીમી ગતિ પર ચિંતા વ્યક્ત કરી હતી, આથી 20 મે ના રોજ મંત્રાલયે તમામ કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્યોને તમામ બ્લોક્સ, જિલ્લાઓ ગામો માટે વિગતવાર યોજનાઓ સાથે બે મહિના લાંબી હર ઘર દસ્તક 2.0 અભિયાન શરૂ કરવાની સલાહ આપી હતી.
- આ અભિયાનનો ઉદ્દેશ્ય ઘર–ઘર અભિયાન દ્વારા પ્રથમ, દ્વિતીય અને સાવચેતીના ડોઝ દ્વારા સમગ્ર દેશમાં તમામ પાત્ર વસતી જૂથોને રસી આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## રાજસ્થાન સરકારે રાજીવગાંધી ખેલ રત્ન પુરસ્કાર અને ગ્રામીણ ઓલિમ્પિક્સની જાહેરાત કરી



રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોતે જાહેરાત કરી છે કે રાજ્યના વિવિધ રમતવીરો માટે રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કારની સ્થાપના કરવામાં આવશે.

- આ ઉપરાંત રાજીવ ગાંધી ગ્રામીણ ઓલિમ્પિક્સ 29 ઓગસ્ટ, 2022થી શરૂ થશે, આ ઈવેન્ટમાં તમામ ઉંમરના ખેલાડીઓ ભાગ લેશે.
- આ ઈવેન્ટનો રાજ્ય દ્વારા પ્રતિભા શોધ માટેના પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરવામાં આવશે અને તે રમત–ગમતનું વાતાવરણ પણ બનાવશે.
- રાજ્યની પંચાયત સંવર્ગમાં ખાલી પડેલી જગ્યાઓની ભરતીમાં ગ્રામીણ ઓલિમ્પિક્સના વિજેતાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
- રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી એ જાહેરાત કરી હતી કે મેડલ જીતનારા ખેલાડીઓને ગ્રાન્ટની રકમ મેળવવા માટે સ્પોર્ટ્સ કાઉન્સિલની મુલાકાત લેવાની જરૂર રહેશે નહીં.
- આ પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવવા માટે એક ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ભારતીય બિઝનેસ પોર્ટલ




કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રીએ 27 મે, 2022ના રોજ નવી દિલ્હીમાં 'ભારતીય બિઝનેસ પોર્ટલ' લોન્ચ કર્યું છે.

- આ પોર્ટલ ભારતીય નિકાસકારો અને વિદેશી ખરીદદારો માટે આંતરરાષ્ટ્રીય વેપારના હબ તરીકે કામ કરશે.
- આ પોર્ટલ બિઝનેસ–ટુ–બિઝનેસ **(B-2-B)** મોડલનું ડિજિટલ ટ્રેડિંગ પ્લેટફોર્મ છે જે નાના, મધ્યમ નિકાસ સાહસિકો, કારીગરો અને ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે નવા બજારો શોધવા અને વૈશ્વિક સ્તરે વેચાણ વધારવામાં મદદ કરશે.
- ભારતે તેનો વિદેશી વેપાર વધારવાના ઉદ્દેશ્ય સાથે વિશ્વના વિવિધ દેશો સાથે વેપાર કરાર કર્યા છે.
- ભારતની વિદેશ વેપાર નીતિ હંમેશા માલસામાનના વૈશ્વિક વેપારમાં દેશનો હિસ્સો વધારવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.
- તદનુસાર ભારત સરકાર આવી નીતિઓ અને પ્રક્રિયાઓ અપનાવીને બાકીના વિશ્વ સાથે તેનો વેપાર વધારવાની દિશામાં પગલાં લઈ રહી છે, જે વિશ્વના અન્ય દેશો સાથે નિકાસ અને આયાતને વધારવામાં અને તેને સરળ બનાવવામાં મદદ કરશે.
- ભારત સરકારના વાણિજ્ય વિભાગે વિદેશી વેપાર પ્રવૃત્તિઓને સરળ બનાવવા અને વૈશ્વિક સ્તરે વેપારના વિસ્તરણ માટે આ વેબ પોર્ટલ વિકસાવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં 'હર ઘર દસ્તક' અભિયાનના કેટલામાં તબક્કાની શરૂઆત કરવામાં આવી છે ?

(A) બીજા (2.0) (B) ત્રીજા (3.0) (C) ચોથા (4.0) (D) પાંચમાં (5.0) (A)

2. હર ઘર દસ્તક 2.0 અભિયાન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અભિયાન 12 થી 14 વર્ષની વયજૂથના લોકોને રસીકરણ અને 60 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે સાવચેતીના ડોઝ પર વિશેષ ધ્યાન આપે છે.

(B) તે બે મહિનાનું ડોર–ટૂ–ડોર અભિયાન છે જે 1 જૂન થી 31 જુલાઈ, 2022 સુધી ચાલશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર' અને 'ગ્રામીણ ઓલિમ્પિક્સ'ની જાહેરાત કરી હતી ?

(A) રાજસ્થાન (B) હરિયાણા

(C) ઉત્તરપ્રદેશ (D) ઉત્તરાખંડ (A)

4. તાજેતરમાં 'ભારતીય બિઝનેસ પોર્ટલ' લોન્ચ કરવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ પોર્ટલ ભારતીય નિકાસકારો અને વિદેશી ખરીદદારો માટે આંતરરાષ્ટ્રીય વેપારના હબ તરીકે કામ કરશે.

(B) ભારત સરકારના વાણિજ્ય વિભાગે વિદેશી વેપાર પ્રવૃત્તિઓને સરળ બનાવવા અને વૈશ્વિક સ્તરે વેપારના વિસ્તરણ માટે આ વેબ પોર્ટલ વિકસાવ્યું છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

## દિવસ મહિમા : 03 જૂન, વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day)

રોજીંદા જીવનમાં સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં 3 જૂનના રોજ 'વિશ્વ સાયકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 3 જૂન, 2022ના રોજ પાંચમાં 'વિશ્વ સાઈકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- 3 જૂન, 2018ના રોજ પ્રથમ 'વિશ્વ સાયકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ માટે એપ્રિલ, 2018માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- અમેરિકાની મોન્ટેગોમરી કોલેજના પ્રોફેસર શ્રી લેસ્ઝેક સિબિલ્સકી અને તેમના વર્ગના વિદ્યાર્થીઓની અરજીના કારણે આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી છે.
- આ માટે તેમને તુર્કમેનિસ્તાન સહિત 56 દેશોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

નોંધ: નેધરલેન્ડની રાજધાની એમસ્ટર્ડમમાં આશરે 40 ટકા લોકો કામ પર જતી વખતે સાયકલનો ઉપયોગ કરે છે. સમગ્ર વિશ્વમાં આ સંખ્યા સૌથી વધુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# INS નિર્દેશક (INS Nirdeshak)



તાજેતરમાં INS નિર્દેશકને ચેન્નાઈના કટ્ટુપલ્લી ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું હતું.

- INS નિર્દેશક ભારતીય નૌસેનાના ચાર સર્વે વેસલ (SVL) પ્રોજેક્ટમાંથી બીજું છે.
- જેનું નિર્માણ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા L&T ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.
- આ જહાજો મહત્તમ 18 નોટિકલ માઈલ અને 14 નોટિકલ માઈલની ક્રૂઝ ઝડપે ચલાવવા માટે બનાવવામાં આવ્યા છે.
- આ SVL જહાજો સંધ્યાક વર્ગના સર્વે જહાજોનું સ્થાન લેશે.
- SVL જહાજોને નવી પેઢીના હાઈડ્રોગ્રાફિક સાધનો સાથે સજ્જ કરવામાં આવ્યું છે, જેથી તેઓ સમુદ્રની માહિતી એકત્રિત કરી શકે.
- આ જહાજો હેલિકોપ્ટરની સાથે ચાર સર્વે મોટરબોટને લઈ જવા માટે સક્ષમ હશે.
- SVL જહાજોની પ્રાથમિક ભૂમિકા શિપિંગ ચેનલો અને બંદરોના ઊંડા પાણી અને દરિયાકાંઠાના સર્વેક્ષણ હાથ ધરવાની રહેશે.
- આ જહાજોનો ઉપયોગ નાગરિક અને સંરક્ષણ એપ્લિકેશનો માટે ભૌગોલિક અને સમુદ્રશાસ્ત્રીય ડેટા એકત્રિત કરવા માટે પણ કરવામાં આવશે.
- આ ઉપરાંત આ જહાજોની ગૌણ ભૂમિકા કટોકટી દરમિયાન હોસ્પિટલ જહાજો તરીકે સેવા આપવાની તેમજ મર્યાદિત સંરક્ષણ પ્રદાન કરવાની રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘વિશ્વ સાયકલ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 2 જૂન (C) 3 જૂન (D) 4 જૂન (C)

2. કયા વર્ષે સૌપ્રથમ ‘વિશ્વ સાયકલ દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 2018 (B) 2017 (C) 2016 (D) 2015 (A)

3. તાજેતરમાં INS નિર્દેશકને ચેન્નાઈના કટ્ટુપલ્લી ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. INS નિર્દેશક ભારતીય નૌસેનાના ચાર સર્વે વેસેલ (SVL) પ્રોજેક્ટમાંથી બીજું છે.
2. આ SVL જહાજોનું નિર્માણ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા L&Tના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.
3. INS નિર્દેશકનું નામ રશિયાના RNS નિર્દેશક પરથી રાખવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 04 જૂન, (1) આક્રમણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Innocent Children Victims of Aggression)

## શ્રેષ્ઠ યોજના (SHRESHTA Scheme)




3 જૂન, 2022ના રોજ કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી ડો. વીરેન્દ્ર કુમાર દ્વારા 'શ્રેષ્ઠ યોજના' શરૂ કરવામાં આવી હતી.

- આ યોજનાને લક્ષિત વિસ્તારોમાં ઉચ્ચ શાળાના વિદ્યાર્થીઓ માટે રહેણાંક શિક્ષણ યોજના તરીકે પણ ઓળખવામાં આવે છે.
- શ્રેષ્ઠ યોજના અનુસૂચિત જાતિ વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તકો પૂરી પાડવાના ધ્યેય સાથે ઘડવામાં આવી હતી.

### શ્રેષ્ઠ યોજના (SHRESHTA Scheme)

આ યોજનાનો મૂળ ઉદ્દેશ્ય દેશની શ્રેષ્ઠ ખાનગી રહેણાંક શાળાઓમાં બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપીને અનુસૂચિત જાતિના લોકોના સામાજિક-આર્થિક દરજ્જાને ઉન્નત કરવાનો છે.

- CBSE સંલગ્ન ખાનગી શાળાઓમાં ધોરણ 9 અને ધોરણ 11માં પ્રવેશ આપવામાં આવશે.

### ઉદ્દેશ્ય

- સરકારી પહેલો અને યોજનાઓની સરળ પહોંચની ખાતરી કરવી.
- અનુસૂચિત જાતિઓની સામાજિક-આર્થિક પ્રગતિ અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઉભુ કરવું.
- શિક્ષણ ક્ષેત્રે સેવાથી વંચિત અનુસૂચિત જાતિ (SCs) પ્રભુત્વ ધરાવતા પ્રદેશોમાં અંતરને દૂર કરવા સ્વયંસેવક જૂથો સાથે સહયોગ કરવો.
- તેજસ્વી અનુસૂચિત જાતિ (SC) વિદ્યાર્થીઓને ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણ સાથે સક્ષમ કરવા જેથી કરીને તેઓ ભવિષ્યની તકો મેળવી શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પાત્રતા

ચાલુ શૈક્ષણિક વર્ષ (2021-22)માં ધોરણ 8 અને 10મા અભ્યાસ કરતા SC વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવવા માટે પાત્ર છે.

- આમાં 2.5 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા સીમાંત આવક જૂથમાંથી આવતા અનુસૂચિત જાતિ સમુદાયના વિદ્યાર્થીઓ પાત્ર છે.
- તેમની પસંદગી 'નેશનલ એન્ટ્રસ ટેસ્ટ ફોર એક્સેલન્સ' (NETS) તરીકે ઓળખાતી પારદર્શક પદ્ધતિ દ્વારા કરવામાં આવશે.
- તે 9મા અને 11મા ધોરણમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા હાથ ધરવામાં આવશે.

## લાભાર્થીઓ

સરકારનું લક્ષ્ય છે કે આ સિસ્ટમ હેઠળ દર વર્ષે SC વર્ગના લગભગ 3000 વિદ્યાર્થીઓને ધોરણ 9 અને ધોરણ 11મા પ્રવેશ આપવામાં આવશે.

- જ્યાં સુધી તેઓ 12માં ધોરણનું શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી તેમના શિક્ષણ અને રહેઠાણની ફીનો સંપૂર્ણ ખર્ચ મંત્રાલય ઉઠાવશે.

# ઈન્ટરનેશનલ લિક્વિડ-મિરર ટેલિસ્કોપ (ILMT)

ભારતનું પ્રથમ લિક્વિડ–મિરર ટેલિસ્કોપ (ILMT) 2022ની શરૂઆતમાં પ્રથમ વખત પ્રકાશમાં આવ્યું હતું.

- ILMT હવે કમિશનિંગ તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે અને આ વર્ષે ઓક્ટોબરમાં વૈજ્ઞાનિક અવલોકનો શરૂ કરશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ટરનેશનલ લિક્વિડ મિરર ટેલિસ્કોપ

તે વિશ્વનું પ્રથમ લિક્વિડ–મિરર ટેલિસ્કોપ છે, જે ખગોળશાસ્ત્ર માટે કાર્યરત કરવામાં આવ્યું છે.

- અન્ય લિક્વિડ–ટેલિસ્કોપ અગાઉ કાં તો ઉપગ્રહને ટ્રેક કરવા માટે બનાવવામાં આવ્યા હતા અથવા લશ્કરી હેતુ માટે ઉપયોગમાં લેવાતા હતા.
- ઈન્ટરનેશનલ લિક્વિડ–મિરર ટેલિસ્કોપ (ILMT)ની સ્થાપના દેવસ્થલ ઓબ્ઝર્વેટરી કેમ્પસમાં કરવામાં આવી છે, જેની માલિકી આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝર્વેશન સાયન્સ (ARIES), નૈનિતાલ (ઉત્તરાખંડ)ની છે.
- આ ટેલિસ્કોપ 2,450 મીટરની ઊંચાઈએથી એસ્ટરોઈડ, અવકાશના ભંગાર, સુપરનોવા અને અન્ય તમામ અવકાશી પદાર્થોનું અવલોકન કરશે.

- તે <u>ILMT દેવસ્થલ</u> ખાતે બાંધવામાં આવનાર <u>ત્રીજી ટેલિસ્કોપ</u> સુવીધા હશે.
- ઓક્ટોબર 2022માં ILMTનું સંપૂર્ણપાયે વૈજ્ઞાનિક સંચાલન શરૂ કરવામાં આવશે.
- તે ભારતના સૌથી મોટા ઓપરેટિંગ <u>દેવસ્થલ ઓપ્ટિકલ ટેલિસ્કોપ (DOT)</u> સાથે કામ કરશે.
- ILMTના વિકાસમાં સામેલ દેશો <u>ભારત</u>, <u>બેલ્જિયમ</u>, <u>કેનેડા</u> અને <u>ઉઝબેકિસ્તાન</u> છે.

## પરંપરાગત ટેલિસ્કોપ અને LMT વચ્ચેનો તફાવત

LMT એક <u>સ્થિર ટેલિસ્કોપ</u> છે, જ્યારે પરંપરાગત ટેલિસ્કોપ આકાશમાં <u>'ઇન્ટિરેસ્ટ ઓફ ઓબ્જેક્ટ'</u>ની દિશામાં કામ કરે છે.

- એક LMT તમામ સંભવિત અવકાશી પદાર્થો જેમ કે તારાઓ, આકાશગંગાઓ, સુપરનોવા વિસ્ફોટો, એસ્ટરોઈડ્સ અને અવકાશ કાટમાળનું સર્વેક્ષણ કરશે. જોકે, પરંપરાગત ટેલિસ્કોપ આપેલ સમયે આકાશના માત્ર એક અંશ ને જ જોઈ શકે છે.
- LMTમાં <u>પ્રતિબિંબિત પ્રવાહી સાથે અરીસાનો</u> સમાવેશ થાય છે, જ્યારે પરંપરાગત ટેલિસ્કોપ <u>અત્યંત પોલિશ્ડ કાચના અરીસાનો</u> ઉપયોગ કરે છે.
- ILMT આખી રાત આકાશની તસ્વીરો મેળવશે, જ્યારે પરંપરાગત ટેલિસ્કોપ ચોક્કસ કલાકોમાં જ આકાશમાં ચોક્કસ વસ્તુઓ મેળવે છે.



1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આક્રમણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોના આંતરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 જૂન (B) 3 જૂન (C) 4 જૂન (D) 5 જૂન (C)

2. તાજેતરમાં 'શ્રેષ્ઠ યોજના' (SHRESHTA Scheme) શરૂ કરવામાં આવી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાનો ઉદ્દેશ અનુસૂચિત જાતિઓની સામાજિક–આર્થિક પ્રગતિ અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરવાનો છે.

2. ચાલુ શૈક્ષણિક વર્ષ (2021-22)માં ધોરણ 8 અને 10માં અભ્યાસ કરતા SC વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવવા માટે પાત્ર છે.

3. આમાં 2.5 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા સીમાંત આવક જૂથમાંથી આવતા અનુસૂચિત જાતિ સમુદાયના વિદ્યાર્થીઓ પાત્ર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

3. ઈન્ટરનેશનલ લિક્વિડ–મિરર ટેલિસ્કોપ (ILMT) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે વિશ્વનું પ્રથમ લિક્વિડ–મિરર ટેલિસ્કોપ છે, જે ખગોળશાસ્ત્ર માટે કાર્યરત કરવામાં આવ્યું છે.

2. તેની સ્થાપના ઉત્તરાખંડમાં દેવસ્થલ ઓબ્ઝર્વેટરી કેમ્પસમાં કરવામાં આવી છે, જેની માલિકી આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સ (ARTES), નૈનિતાલની છે.

3. ILMTના વિકાસમાં સામેલ દેશો ભારત, બેલ્જિયમ, કેનેડા અને ઉઝબેકિસ્તાન છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આટકોટની કે.ડી.પી. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યુ.**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે 200 બેડની સુવિધા ધરાવતી શ્રી કે.ડી.પરવાડીયા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત લાખો લોકોની જનમેદનીને સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતુ કે 2001માં રાજ્યભરમાં મેડિકલની કુલ 1100 સીટ હતી. જે વધીને વર્ષ 2022માં 8000 થઈ છે. રાજ્યભરમાં સરકારી અને ખાનગી મળીને 30 મેડિકલ કોલેજો કાર્યરત છે.

➤ **ગુજરાત સરકાર, ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિ. અને ફોર્ડ ઈન્ડિયા પ્રા.લિ. વચ્ચે ત્રિપક્ષીય MoU**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર, ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિ. અને ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર સંપન્ન થયા હતા. આ અંતર્ગત ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના વ્હીકલ એસેમ્બલી પ્લાન્ટના તમામ કર્મચારીઓને ટાટા મોટર્સમાં સમાવી લેવામાં આવશે. ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાણંદ ખાતેના પ્લાન્ટમાં એન્જિન ઉત્પાદન યથાવત ચાલુ રખાશે અને આ હેતુસર ટાટા મોટર્સ તેમને લીઝ પર જમીન ઉપલબ્ધ કરાવશે. તથા ગુજરાત સરકાર નિયમાનુસારની જરૂરી પરવાનગીઓ માટે મદદરૂપ બનશે. આ ઉપરાંત પાણી, વીજળી, એક્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી કોમન ફેસિલિટીઝ પણ ટાટા મોટર્સ અને ફોર્ડ ઈન્ડિયા વાપરી શકે તે માટે સહયોગ આપશે. ફોર્ડ મોટર્સ પ્લાન્ટમાં 3043 સીધી રોજગારી અને અંદાજે 20 હજાર જેટલી આડકતરી રોજગારી આપવામાં આવે છે. આ પ્લાન્ટ બંધ થવાના કારણે અંદાજે 25 હજાર જેટલા લોકો રોજગારી ગુમાવે તે રાજ્ય સરકાર માટે ચિંતાનો વિષય બની રહ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ**

તાજેતરમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયે પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP)ને નાણાકીય વર્ષ 2026 સુધી પાંચ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી છે. PMEGPને હવે રૂ. 13,544.42 કરોડના ખર્ચ સાથે 2021-22 થી 2025-26 સુધી પાંચ વર્ષ માટે 15મા નાણાપંચના સમયગાળા માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. નોંધનીય છે કે ભારત સરકારે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સુક્ષ્મ સાહસોની સ્થાપના દ્વારા રોજગારીની તકો ઊભી કરવા માટે 2008મા પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP) નામના ક્રેડિટ લિંક્ડ સબસિડી પ્રોગ્રામના પ્રારંભને મંજૂરી આપી હતી. તે ઉદ્યોગ સાહસિકોને ફેક્ટરીઓ અથવા એકમો સ્થાપવાની મંજૂરી આપે છે. તે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MoMSME) દ્વારા સંચાલિત કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. આ યોજનાનું અમલીકરણ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ KVIC દ્વારા લાગુ કરવામાં આવે છે.

➤ **ભારતમાં ચિત્તાનું પુનર્વસન**

ભારત ટૂંક સમયમાં દક્ષિણ આફ્રિકા અને નામિબિયાથી લાવવામાં આવેલા ચિત્તાઓને મધ્યપ્રદેશના શિયોપુર જિલ્લામાં કુનો પાલપુરમાં જંગલમાં છોડશે. આ ચિત્તાઓના આંતર ખંડીય પુનર્વસન માટેની ભારતની મહત્ત્વાકાંક્ષી યોજનાઓની શરૂઆત કરશે. દેશનો છેલ્લો સ્પોટેડ ચિત્તો વર્ષ 1947માં છત્તીસગઢમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો અને વર્ષ 1952માં તેને દેશમાંથી લુપ્ત જાહેર કરવામાં આવ્યો હતો. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII) એ થોડા વર્ષો પહેલા ચિત્તાના પુનર્વસન માટે પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો.

➤ **વેસ્ટ નીલ વાયરસ**

તાજેતરમાં કેરળના થ્રિસુરમાં વેસ્ટ નીલ વાયરસ (WNV)ના કારણે 47 વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. જેના કારણે કેરળનું આરોગ્ય વિભાગ એલર્ટ પર છે. મલ્લપુરમના એક 6 વર્ષના બાળકનું પણ 2019ની શરૂઆતમાં આ જ ચેપથી મૃત્યુ થયું હતું. આ કેસ વર્ષ 2006માં કેરળ રાજ્યના અલ્પુઝામાં નોંધાયો હતો. વેસ્ટ નીલ વાયરસ અથવા વેસ્ટ નાઈલ વાયરસ એ વાયરસથી સંબંધિત ફ્લેવીવાયરસ છે જે સેન્ટ લૂઈસ એન્સેફાલીટીસ, જાપાનીઝ એન્સેફાલીટીસ અને પીળો તાવ ઉત્પન્ન કરવા માટે પણ જવાબદાર છે. તે મચ્છરજન્ય, સિંગલ સ્ટ્રેન્ડ આરએનએ વાયરસ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ડેક્કન ક્વિન**

દેશની આર્થિક રાજધાની મુંબઈ અને મહારાષ્ટ્રની સાંસ્કૃતિક રાજધાની પૂણે સાથે જોડતી પ્રીમિયમ ટ્રેન 'ડેક્કન ક્વિન'એ 1 જૂન, 2022ના રોજ 92 વર્ષ પૂર્ણ કર્યા છે. દેશની પ્રથમ ઈલેક્ટ્રિક લોકો ટ્રેન 'ડેક્કન ક્વિન' 1 જૂન, 1930ના રોજ મધ્ય રેલવેના અગ્રદૂત ગ્રેટ ઈન્ડિયન પેનિન્સુલા (GIPR) દ્વારા શરૂ કરવામાં આવી હતી. તે ભારતની પ્રથમ લાંબા અંતરની ઈલેક્ટ્રિક હોલેજ ટ્રેન, પ્રથમ તમામ મહિલા–વિશેષ ટ્રેન અને જમવાની સુવિધા પૂરી પાડતી પ્રથમ ટ્રેન સહિત આ ટ્રેન તેના નામે અનેક રેકોર્ડ ધરાવે છે. તેનું નામ પુણે (ડેક્કન ક્વિન) પરથી રાખવામાં આવ્યું છે.

➤ **ઉપરાષ્ટ્રપતિની સેનેગલની મુલાકાત**

ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ.વેંકૈયા નાયડુએ તેમના ત્રણ દેશોના પ્રવાસ (ગેબન, સેનેગલ અને કતાર)ના બીજા તબક્કામાં 1 જૂન, 2022ના રોજ આફ્રિકન દેશ સેનેગલ પહોંચ્યા હતા. ઉપરાષ્ટ્રપતિશ્રીની આ મુલાકાત ભારત–સેનેગલ રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 60 વર્ષ પૂરા થવાના અવસર પર થઈ રહી છે. સેનેગલ સત્તાવાર રીતે પશ્ચિમ આફ્રિકાનો દેશ છે. તેની રાજધાની ડાકાર છે. આફ્રિકા આપણા માટે વ્યૂહાત્મક, રાજકીય અને આર્થિક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

➤ **આંધ્રપ્રદેશે ACB 14400 એપ લોન્ચ કરી**

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી વાય.એસ.જગન મોહન રેડ્ડીએ 'ACB 14400' નામની એપ લોન્ચ કરી છે. રાજ્યભરની સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર અટકાવવા માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે. આ એપ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા વિકસાવવામાં આવી છે. આ એપ દ્વારા લોકો રાજ્યમાં કોઈપણ સરકારી અધિકારી સામે ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદો નોંધાવી શકે છે. અગાઉ લોકો ટોલ ફ્રી નંબર 14400 દ્વારા ફરિયાદો નોંધાવી શકતા હતા, પરંતુ તેની પાસે પુરાવા સબમિટ કરવાનું સાધન ન હતું. આથી એસીબી નોંધાયેલા કેસોનું સમાધાન કરી શકતી ન હતી.

➤ **RPFનું ઓપરેશન મહિલા સુરક્ષા**

ઓપરેશન મહિલા સુરક્ષા, રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF)એ 7000 વ્યક્તિઓની ધરપકડ કરી છે જેઓ અનધિકૃત રીતે મહિલાઓ માટે આરક્ષિત કોચમાં મુસાફરી કરી રહ્યા હતા. મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અખિલ ભારતીય અભિયાન 'ઓપરેશન મહિલા સુરક્ષા'નું આયોજન 3જી થી 31મી મે દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમગ્ર પ્રવાસ દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરતી મહિલા મુસાફરોને વધુ સારી સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર ભારતની પહેલ 'મેરી સહેલી'નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વિશ્વ

➤ **બંદૂક નિયંત્રણ કાયદા-USA**

**તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં છેલ્લા 11 દિવસના સમયગાળા દરમિયાન સામૂહિક ગોળીબારની બે ઘટનાઓ બની હતી. જેમાં પ્રાથમિક શાળાના બાળકો સહિત 30 થી વધુ લોકો માર્યા ગયા હતા. વર્ષ 2020માં યુ.એસ.માં કુલ 24,576 હત્યાઓ નોંધવામાં આવી હતી. જેમાંથી 79% (19,384) મૃત્યુ ગોળીબારને કારણે થયા હતા. યુ.એસ સુપ્રીમ કોર્ટે અગાઉ જણાવ્યુ હતુ કે યુ.એસ બંધારણનો બીજો સુધારો સ્વ–બચાવમાં 'શસ્ત્રો રાખવા અને ધારણ કરવા'ના અધિકારનું રક્ષણ કરે છે, જ્યારે ફેડરલ અદાલતોએ સંભવિત ઉલ્લંઘન માટે દલીલ કરી છે, ફેડરલ, રાજ્ય અને સ્થાનિક નિયમો આ અધિકારને અવરોધે છે.**

## ICE ? Questions

➤ તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ...............ની કે.ડી.પી. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યુ હતું. – આટકોટ (રાજકોટ)

➤ તાજેતરમાં ગુજરાત સરકાર, ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિ. અને ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ પ્રા.લિ વચ્ચે ત્રિપક્ષીય MoU થયા હતા. આ અંતર્ગત ............ના કર્મચારીઓને ટાટા મોટર્સમાં સમાવી લેવામાં આવશે. – ફોર્ડ ઈન્ડિયા પ્રા.લિ

➤ તાજેતરમાં MSME મંત્રાલયે 'પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ' (PMEGP)ને ............સુધી લંબાવવાની મંજૂરી આપી છે. – નાણાકીય વર્ષ 2026

➤ ભારતમાં ટૂંક સમયમાં દ.આફ્રિકા અને નામિબિયાથી લાવવામાં આવેલા ચિત્તાઓને ...........રાજ્યના શિયોપુર જિલ્લામાં કુનો પાલપુરમાં જંગલમાં છોડશે. – મધ્યપ્રદેશ

➤ તાજેતરમાં ...........રાજ્યના થ્રિસુરમાં વેસ્ટ નીલ વાયરસ જોવા મળ્યો હતો. – કેરળ

➤ 1 જૂન, 2022ના રોજ ડેક્કન ક્વિન ટ્રેનના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 92

➤ ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ તાજેતરમાં કયા ત્રણ દેશના પ્રવાસે છે ? – સેનેગલ, ગેબન, કતાર

➤ કયા રાજ્યએ તાજેતરમાં ACB 14400 એપ લોન્ચ કરી છે ? – આંધ્રપ્રદેશ

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ ઓપરેશન મહિલા સુરક્ષા કોની સાથે સંકળાયેલ છે ? – RPF

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. તાજેતરમાં ............દિવસના રોજ ગોવા રાજ્યએ તેનો સ્થાપના દિવસ (અથવા Goa Statehood Day) ઉજવાયો હતો. – 30 મે

2. 17માં મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનો ફોકસ દેશ કયો છે ? – બાંગ્લાદેશ

3. પાંચ વખતના તમિલનાડુના મુખ્યમંત્રી શ્રી એમ. કરુણાનિધિની 16 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું કયા સ્થળે અનાવરણ કરવામાં આવ્યું છે ? – ચેન્નાઈ

(ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ 28 મે, 2022ના રોજ ચેન્નાઈમાં તમિલનાડુના પાંચવખતના મુખ્યમંત્રી રહેલા શ્રી એમ કરુણાનિધિની 16 ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યુ છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ બંધન એક્સપ્રેસ અને મૈત્રી એક્સપ્રેસ ભારત અને કયા દેશ વચ્ચે દોડે છે ?– બાંગલાદેશ

5. રાષ્ટ્રીય ઉદ્યાનમાં 'સામુદાયિક વન સંસાધન' (Community Forest Resource- CFR) અધિકારોને માન્યતા આપનાર બીજું રાજ્ય કયું છે ? – છત્તીસગઢ

6. તાજેતરમાં UPSCએ IAS પરીક્ષાનું પરિણામ જાહેર કર્યુ છે તેમાં કોણે ટોપ કર્યુ છે ? – સુશ્રી શ્રુતિ શર્મા

7. કઈ સંસ્થાએ 'ટોબેકો : પોઈઝનિંગ અવર પ્લેન્ટ' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – WHO

(તાજેતરમાં WHOએ 'ટોબેકો : પોઈઝનિંગ અવર પ્લેનેટ' શીર્ષક હેઠળનો અહેવાલ બહાર પાડ્યો છે. અહેવાલમાં જાણવા મળ્યું છે કે તમાકુ ઉદ્યોગ વાર્ષિક 80 લાખ માનવ જીવન, 600 મિલિયન વૃક્ષો, 2,00,000 હેક્ટર જમીન, 22 મિલિયન ટન પાણી અને લગભગ 84 મિલિયન ટન $CO_2$ પૃથ્વીના વાતાવરણમાં છોડે છે તેના માટે જવાબદાર છે.)

8. 2021-22માં ભારતનું સૌથી વધુ ખાંડનું ઉત્પાદન કરતું રાજ્ય કયું છે ? – મહારાષ્ટ્ર

9. તાજેતરમાં કયા દેશે સંયુક્ત આરબ અમીરાત સાથે મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર કર્યા છે ?

– ઈઝરાયલ

10. તાજેતરમાં UN- Habitatએ ...............શહેરને લગતી સમસ્યાઓ જેમ કે બહુવિધ જોખમની નબળાઈ, નબળી ગતિશિલતા અને ગ્રીન–બ્લૂ અર્થતંત્રની ઓળખ કરી છે તેમજ શહેરની ટકાઉપણુ વધારવા માટે એક યોજના તૈયાર કરી છે. – જયપુર

11. 1 જૂન, 2022 થી PMJJBY અને PMSBYના નવા વાર્ષિક પ્રીમિયમ દરો અનુક્રમે કેટલા છે ?

– રૂ. 436 અને રૂ. 20

12. NARCL (National Assest Reconstruction)ના MD અને CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

– નટરાજન સુંદર

13. કયા રાજ્યએ 'જાતિ આધારિત ગણતરી'નામની જાતિ આધારિત વસતી ગણતરી કરવાનો નિર્ણય લીધો છે ?

– બિહાર

14. તાજેતરમાં ભારતમાં (કુરુક્ષેત્ર, હરિયાણા)માં નવી બાયોમાસ–આધારિત .........ટેકનોલોજી લોન્ચ કરવામાં આવી છે જે હરિત/હરિયાળી હોવાનો દાવો કરે છે અને તમામ પ્રકારના કૃષિ અવશેષોને બળતણ તરીકે સમાવી શકે છે, તેમજ સ્ટબલ સળગવા માટે બોજ ઘટાડવામાં મદદ કરી શકે છે. – બોઈલર

15. કયા દિવસે 'તેલંગાણા સ્થાપના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ? – 2 જૂન

16. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા પ્રસ્તાવિત નવી મોડેલ શાળાઓનું નામ શું છે ? – પી એમ શ્રી સ્કૂલ

17. તાજેતરમાં કયા દેશે યુરોપિયન યુનિયનની સંરક્ષણ નીતિમાં જોડાવા માટે મત આપ્યો છે ? – ડેનમાર્ક

18. તાજેતરમાં કયા રાજ્યએ 'રોડ ટ્રાન્સપોર્ટ ઓફિસ' (RTO) શરૂ કરી છે ? – મહારાષ્ટ્ર

19. ભારતે કયા દેશ સાથે 'વિઝન સ્ટેટમેન્ટ ફોર ડિફેન્સ કોઓપરેશન' પર હસ્તાક્ષર કર્યા છે ? – ઈઝરાયલ

20. ગૂગલે ...........દિવસના રોજ પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી અને ભૌતિકશાસ્ત્રી શ્રી સત્યેન્દ્રનાથ બોઝને ભૌતિકશાસ્ત્ર અને ગણિતના ક્ષેત્રમાં તેમના યોગદાન માટે વિશેષ ડૂડલ સાથે શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. – 4 જૂન

21. ............કાંગેર ઘાટી રાષ્ટ્રીય ઉદ્યાનની અંદરના ગામડાના સામુદાયિક વન સંસાધન (CFR) અધિકારોને માન્યતા આપનાર દેશનું બીજું રાજ્ય બન્યું છે. – છત્તીસગઢ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT